## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



સરસ્વતીબેન જે. સાપરીયા (૧૯૪૫) ફોન. ૨૩૨૨૪૬૦૫

## કાંતીભાઈ યોગી દ્વારા સુંદરકાંડ પાંચમીએ ઉમિયા ધામમાં

શ્રી ઉમિયા માતાજી સંસ્થા કડવા પાટીદાર સમાજ સેકટર-૧૨ ગાંધીનગરમાં તા. ૫મી મેના રોજ નવમો પાટોત્સવની ઉજવણી થનાર છે. આ પાટોત્સવ નિમિત્તે રાત્રે સુંદરકાંડનો સંગીતમય પાઠ કાંતીભાઈ યોગીના વ્યાસપીઠે યોજાવાનો છે. શ્રી ભોળાભાઈ પટેલ મહામંત્રીશ્રી કડવા પાટીદાર સમાજ ગાંધીનગરે લાભ લેવા નિમંત્રણ પાઠવેલ છે.

## બ્રહ્મભટ્ટ સમાજ ગાંધીનગર દ્વારા ચોપડા વિતરણની વ્યવસ્થા

બ્રહ્મભટ્ટ સમાજ ગાંધીનગર અને દંઢાવ બ્રહ્મભટ્ટ મંડળ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે સમાજના સભ્યોના બાળકોને ચોપડા /નોટબુકનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે. સમાજના સભ્યોના બાળકો જેઓ ધો.-૬ તથા તેનાથી આગળ અભ્યાસ કરતા હોય તેમણે રૂા. ૧૦ ફી ભરી આવેદનપત્ર તારીખ ૧૫-૫-૨૦૧૨ સુધીમાં ભરીને સમાજના મહામંત્રી વી. એન. અજવાણી ૪૬૮/૨, સેકટર-૩૦માં સવારે ૯ થી ૧૨ દરમ્યાન સંપર્ક કરવાનો રહેશે. તેજસ્વી વિદ્યાર્થીઓની અરજી ૧૫ મે સુધી સ્વીકારવામાં આવશે.

## કોર્પો.ના કર્મચારીઓ માટે આજે મેડીકલ ચેકઅપ કેમ્પ

ગાંધીનગર મહાનગરપાલિકાના તમામ કર્મચારીશ્રીઓ/અધિકારીશ્રીઓ ફુલટાઈમ સફાઈ કામદારો, પાર્ટ ટાઈમ સફાઈ કામદારો, આઉટ સોર્સીંગ કામદારો તથા મેલેરીયા વર્કર વિગેરેને જણાવવામાં આવે છે કે, તા. ૪-૫-૨૦૧૨ના શુક્રવારને સવારે ૯ કલાકે ફાયરબ્રિગેડ સ્ટેશન, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરેલ છે.

# ગરીબમાં ગરીબ દર્દીને નવી જિંદગી આપવા 'મુખ્યમંત્રી અમૃતમ્ યોજના'નો આજથી પ્રારંભ

## પૂર્વ-અમદાવાદમાં નારાયણ રુદ્રાલયા હૉસ્પિટલનું મુખ્યમંત્રીના હસ્તે ઉદ્ઘાટન



ગાંધીનગર, તા. ૩

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદના પૂર્વ વિસ્તારમાં ખાનગી ક્ષેત્રની નારાયણા રૂદ્રાલયા હોસ્પિટલનું આજે ઉદ્ઘાટન કરતાં જણાવ્યું હતું કે, ગરીબમાં ગરીબ દરદીને સમયસર, સારામાં સારી સારવાર મળી રહે તે માટે રાજ્ય સરકારે વર્ષે રૂા.૨૦૦ કરોડનું બજેટ ફાળવીને રૂા.બે લાખની સહાય મળે તે માટે ''મુખ્યમંત્રી અમૃતમ્'' યોજના શરૂ કરી છે.

ગુજરાત સરકારે માત્ર દોઢ જ મહિનામાં ૩૭ એકર જમીન આ હોસ્પિટલ સંકુલના નિર્માણ માટે ફાળવી હતી અને આજે માત્ર રૂા.૧૦ની ફી લઈને ૩૦૦ પથારીઓવાળી આ હોસ્પિટલમાં ગરીબ દરદીઓને સારવાર મળતી થઈ જશે.

પૂર્વ અમદાવાદમાં આરોગ્યનું નવું નજરાણું ગરીબોની સેવામાં ઉપલબ્ધ થયું છે તેનો આનંદ વ્યકત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગરીબના ઘરમાં માંદગી આવે ત્યારે આખા પરિવાર ઉપર મુસીબત અને આર્થિક દુર્દશાનો અનુભવ થાય છે ત્યારે ગુજરાત સરકારે માતા, બાળકના આરોગ્ય રક્ષણ માટે અનેક એવી યોજના હાથ ધરી છે જેના કારણે ગરીબ માતા અને બાળક ને નવજાત શિશુની જીંદગી બચી છે. સંસ્થાગત પ્રસુતિનો દર ૯૭ ટકા ઉપર પહોચ્યો છે. ગરીબ દરદી, અકસ્માતના દરદીની ત્વરિત સારવાર કે ગરીબ સગર્ભાની પ્રસુતિ માટે ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સની સેવા દુર દુરના વિસ્તારોમાં પહોંચી છે તેમ એમણે જણાવ્યું હતું.

ગરીબીરેખા હેઠળ જીવતા બી.પી.એલ. પરિવારોના ગંભીર રોગોની સારવાર માટે પણ સરકાર રૂા. ૩ લાખની સહાય આપે છે અને આ વખતે રૂા.૨૦૦ કરોડના ખર્ચે ગંભીર જીવલેણ રોગોથી પીડાતા ગરીબ દરદીને તત્કાલ સારવાર માટે રૂા.બે લાખની સહાયની યોજના શરૂ કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ હોસ્પિટલનું વિસ્તૃતિકરણ ૫૦૦૦ પથારીઓનું ઝડપથી થાય તેવી અભિલાષા વ્યકત કરતાં જણાવ્યું કે, અહીં મેડીકલ કોલેજ ઝડપથી બનવાની છે. ગુજરાત સરકારે આરોગ્ય સેવા ગરીબો સુધી પહોંચાડવાની માળખાકીય સુવિધાઓને ગુણવત્તાસભર બનાવી છે એટલું જ નહીં ચિરંજીવ હેલ્થ કેર માટે, સી.એન.જી ટ્રાન્સપોર્ટના કારણે અમદાવાદ વાયુ પ્રદર્શન મુકત બન્યું છે. નર્મદાનું પાણી સાબરમતીમાં વહેતુ કરીને પણ પીવાનું શુધ્ધ પાણી પહોંચાડ્યુ છે એટલું જ નહીં પોષણયુકત આહાર દ્વારા પણ કુપોષણ સામે જંગ આદર્યો છે. ગુજરાતના માનવીને સ્વસ્થ જીવન મળે તેવો સરકારનો પ્રયાસ રહેશે તેમ તેમણે જણાવ્યું હતું.

નારાયણા રુદ્રણાલયા હોસ્પિટલના ચેરમેન શ્રી દેવી શેટ્ટીએ નવનિર્મિત હોસ્પિટલની વિગતો આપતાં જણાવ્યું હતું કે, સામાન્ય નાગરિકને પોસાય તેવા દરે હોસ્પિટલ સુવિધા પુરી પાડવા સરકારે ખાનગી સાહસિકો સાથે પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપમાં હેલ્થકેર સીસ્ટમ વિકસાવી છે તેની પ્રસંશા કરતાં તેમણે કહ્યું કે આ હોસ્પિટલ દ્વારા આગામી બે વર્ષમાં ગરીબ બાળકો માટેની મેડીકલ સ્કુલ શરૂ કરવામાં આવશે.

અમદાવાદના મેયર શ્રી આસિત વોરા, આરોગ્ય વિભાગના અગ્રસચિવ શ્રી રાજેષ કિશોર, વાઈસ ચેરમેન આષુતોશ રઘુવંશી તેમજ શ્રીમતી કિરણ શેટ્ટી તથા તબીબી ક્ષેત્રના આગેવાનો, તબીબો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# યુવા વિકાસના કાર્યક્રમો માટે રાજ્ય સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૩

યુગપુરૂષ સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાત ૨૦૧૨નું વર્ષ યુવાવર્ષ તરીકે ઉજવી રહયું છે. આ નિમિત્તે યુવા અને સાંસ્કૃતિક વિભાગ અને નહેરૂ યુવાકેન્દ્રના સંયુકત ઉપક્રમે યુવાનોના વિકાસ કાર્યક્રમો અંગે મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે રાજય સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. યુવાનોના સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર પ્રતિબધ્ધ છે તે બાબત પર ભાર મૂકતાં શ્રી વાઘેલાએ જણાવ્યું કે, રાજય સરકારે યુવાનોમાં વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ વિકસે તે માટે બજેટમાં રૂા.૭૫ કરોડની જોગવાઈ કરી છે. રાજયના યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા વર્ષ દરમિયાન યુવા વિકાસના અનેકવિધ કાર્યક્રમો યોજે છે જેમાં નહેરૂ યુવા કેન્દ્રને જોડાઈને યુવા પ્રવૃત્તિને વધુ વેગ આપવાનું મંત્રીશ્રીએ સૂચન કર્યું હતું. રાજ્યમાં નવી યુથ હોસ્ટેલો અને યુવા રોજગાર શિબિર દ્વારા પણ યુવા વિકાસની પ્રવૃત્તિને વેગ આપી શકાય તેમ પણ તેમણે જણાવ્યું હતું.

યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સચિવ શ્રી ભાગ્યેશભાઈ જ્હાએ રાજ્ય સરકાર અને નહેરૂ યુવા કેન્દ્ર બંને સાથે મળીને યુવા વિકાસના કાર્યક્રમો-શિબિરો કરશે તો આ કાર્યને વધુ સફળતા અને પ્રસિદ્ધિ પ્રાપ્ત થશે. ગુજરાતમાં યુવાનોને વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરવા માટે સૌથી વધુ પ્રાધાન્ય આપવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા આગામી સમયમાં રાજ્યના તમામ ગામોમાં વિવેકાનંદ કેન્દ્રો ભા કરવાનું પણ આયોજન છે. સચિવશ્રીએ જિલ્લાના સ્થાનિક અધિકારીઓ તેમજ યુવાનો સાથે સંકલનમાં રહીને યુવા કાર્યક્રમો કરવાનું સૂચન પણ નહેરૂ યુવા કેન્દ્રના અધિકારીઓને કર્યું હતું.

નહેરૂ યુવા કેન્દ્ર, ગુજરાત દ્વારા સંપાદિત મુક્તિ સંગ્રામ સ્વર્ણિમ જયંતી નિમિત્તે પુસ્તકનું શ્રી ફકીરભાઈ વાઘેલાના હસ્તે વિમોચન કરાયું હતું. આ પ્રસંગે નહેરૂ યુવા કેન્દ્રના ડાયરેકટર શ્રી એસ. એસ. રાજપુરોહિતે નહેરૂ યુવા કેન્દ્રની પ્રવૃત્તિઓની રૂપરેખા અને શ્રી દૂબેએ આભારવિધિ કરી હતી. વિવિધ વિભાગોના નિયામકશ્રીઓ / અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સમાચાર ઝલક

- અમિતાભ બચ્ચન પેટની બિમારી અંગે અમેરિકાના લોસ એન્જલ્સમાં સારવાર લેવા માટે જનાર છે.
- ગુજરાતમાં મહિલા આયોગ તરફથી હેલ્પલાઇન શરૂ કરવામાં આવી.
- યાહૂએ કરાવેલ સર્વેમાં રેખા સૌથી સુંદર અભિનેત્રી, જયારે રાજનીતિમાં શ્રી નરેન્દ્રભાઇ મોદી સૌથી અનોખા.
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સંસ્કૃત પેપરના બદલે અન્ય પેપરનો છબરડો.
- ૨૦૧૧માં કેન્દ્રીય ગુપ્તચર સંસ્થાએ ૬૦૦ કેસ ભ્રષ્ટાચારના નોંધ્યા.
- રાષ્ટ્ર પ્રમુખ શ્રીમતિ પ્રતિભાદેવીસિંહ પાટીલ પોતાના પૌત્રને વિદેશ પ્રવાસમાં સાથે લઇ જતાં વિવાદ.
- વીજ ગ્રાહકોને રાહત ફયુઅલ સરચાર્જમાં ૨૦ પૈસા ઘટાડો.
- મોંઘવારીના મારથી દરેક ક્ષેત્રમાં કાપ મુકતું મધ્યમ વર્ગ પરિવારો : એસોચેમનનું સર્વે.
- કેરીમાં રહેલાં પોષકતત્ત્વો વજન ઘટાડવામાં ઉપયોગી.
- મુંબઇમાં હીરા ઉદ્યોગ મીટ સૂરત તરફ.
- ખાંડની નિકાસબંધી ઉઠાવતાં ખાંડના ભાવમાં ઉછાળાનાં એંધાણ.
- ઇજિપ્તમાં સેનાએ નાગરિકોના હાથમાં સત્તા સોંપવાનો સંકેત આપ્યો છે.
- કૈલાસ માનસરોવરની કઠિન યાત્રામાં ગાંધીનગરના શ્રી જયેન્દ્રસિંહ બિહોલાની ઓનલાઇન દ્વારા પસંદગી થયેલ છે.
- ચારધામની યાત્રામાં હજુ પણ કુદરતી અને માનવ સર્જિત મુશ્કેલીઓ યથાવત્.

## ગુજરાત બોર્ડ ગુજસેટ, હાયર સેકન્ડરી અને એસએસસીનાં પરિણામો વોડાફોન ઉપર રૂ. ૧ના એસએમએસથી ઉપલબ્ધ થશે

ગાંધીનગર, તા.૩


વોડાફોન વેસ્ટ લિમિટેડે ગુજરાત બોર્ડ ગુજસેટ, હાયર સેકન્ડરી અને એસએસસીનાં પરિણામો રૂ. ૧ના દરે એસએમએસથી તેના તમામ ગ્રાહકોને મોબાઈલ ફોન ઉપર ઉપલબ્ધ કર્યા છે. વોડાફોન પોસ્ટપેઈડ અને પ્રિપેઈડ ગ્રાહકો ગુજસેટના પરિણામો માટે **GUJCET<SEAT NO>** લખીને ૫૦૧૧૧ ઉપર, હાયર સેકન્ડરીના પરિણામો માટે **SSC<SEAT NO>** લખીને ૫૦૧૧૧ ઉપર મોકલીને જાણી શકાશે. દા.તા. **GUJCET** ના પરિણામો માટે **'GUJCET C123456'** લખીને ૫૦૧૧૧ ઉપર મોકલવાનું, ઉઁજીઝના પરિણામ માટે **'HSC B123456'** લખીને ૫૦૧૧૧ ઉપર મોકલવાનું તથા **SSC** ના પરિણામ માટે **'SSC J123456'** લખીને ૫૦૧૧૧ ઉપર મોકલવાનું રહેશે.

પરિણામો પોસાય તેવા દરે અને સરળતાથી ગુજરાતના વિદ્યાર્થી સમુદાયને ઉપલબ્ધ બને તે માટે વોડાફોને એસએમએસ દીઠ રૂ. ૧ના મામૂલી દરથી તે ઉપલબ્ધ બનાવ્યા છે.

પ્રિ-રજીસ્ટ્રેશન સુવિધા તમામ ગ્રાહકોને લાઈવ ઉપલબ્ધ કરાવી છે. ગ્રાહકો એસએમએસ દ્વારા પ્રિ-રજીસ્ટર્ડ કરાવીને રિઝલ્ટ જાહેર થાય કે તુરજ જ મેળવી શકશે. પરિણામો જાહેર થયા પછી પણ પરિણામ મેળવી શકાશે.

વોડાફોન વેસ્ટ લિમિટેડના બિઝનેસ હેડ શ્રી બ્રજેશ બાજપાઈએ જણાવે છે કે 'હવે ગુજરાત વોડાફોનના ગ્રાહકો એચએસસી ને એસએસસીના પરિણામો કોઈ પણ સ્થળે અને ગમે ત્યારે મેળવી શકશે. પરિણામોની અપેક્ષા રાખતા વિદ્યાર્થીઓ, માતા-પિતાની લાગણી તથા તાકીદને સમજીને અમે આ સર્વિસ ઉપલબ્ધ કરી છે જેથી આસાની અને આરામથી પોષાય તેવા દરે પરિણામો પ્રાપ્ત થઈ શકે.'

## શબ્દાવલી - ૪૭૧૯



**આડી ચાવી**

૧. નાશ કરે તેવું (૫)
૫. ડાયેમીટર, વિસ્તાર, ફેલાવો (૨)
૭. સીમાડો, સીમાનો અંત (૩)
૮. અનુકૂળ આવે તેવું (૪)
૯. દરજી, કપડા સીવે તે (૨)
૧૦. જન સમુદાય, મંડળી (૩)
૧૨. કહાની, વાર્તા (૩)
૧૩. નેડો, નેહ, સ્નેહ (૩)
૧૫. રહેણી અને પહેરવેશનો ખાસ લાક્ષણિક પ્રકાર (૩)
૧૭. તફાવત (૩)
૧૮. કસમ, સોગન (૨)
૨૦. પૈસાની મદદ કરવી (૨)
૨૧. ભૂલચૂક, ખ્યાલ બહાર જાય તેવું (૫)

**ઊભી ચાવી**

૧. હિંમત હારવી તે (૪)
૨. દીવો, જયોત (૨)
૩. ઈચ્છિત, પ્રિય (૨)
૪. ઢોરને કાપવાની જગ્યા (૫)
૫. વ્યગ્રતા, વ્યાકુળ હોવું તે (૪)
૬. કરચલી, ગેડ (૨)
૧૧. પ્રસંગ (૩)
૧૪. એક જાતનો પથ્થર, તણખો (૪)
૧૫. ચૂકાદો (૩)
૧૬. શમાવવું તે (૩)
૧૭. બેઈજ્જતી થવી (૩)
૧૯. યશ, કિર્તી (૨)

### શબ્દાવલી ૪૭૧૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) બગડવું (૩) આરઝૂ (૫) ગોરા (૬) ભાસ (૯) ધરાર (૧૧) ગીચોગીચ (૧૩) નાખ (૧૪) ટટાર (૧૫) સીતા (૧૮) રપત (૧૯) થાળ (૨૦) લક (૨૩) ખડક (૨૪) ફુલવાડી

**ઊભી ચાવી :-** (૧) બડભાગી (૨) ડફ (૩) આરાધના (૪) ઝૂમર (૭) સચોટ (૮) કચરપટ્ટી (૧૦) રાખસીયા (૧૨) ગીટાર (૨૧) કડ (૨૨) ખાલ

## ૩૧ કરોડની ફાળવણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

શહેરી વિકાસ મંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે રાજ્યમાં શહેરી વિકાસ માટે રૂ. ૧૫ હજાર કરોડને મંજૂરી આપવામાં આવી છે. જ્યારે હાઉસીંગ તેમજ ગ્રામ્ય હાઉસીંગ સહિતની સોસાયટીઓમાં માર્ગ નિર્માણ માટે સરકાર કક્ષાએથી ૭૦ ટકા સબસીડી આપી ડસ્ટફ્રીના અભિગમને અપનાવાયો છે. જ્યારે ગુડા વિસ્તારમાં જનસુખાકારીની વધુ સુવિધા ઉપલબ્ધ કરાવવા ૧૬૫ કરોડના કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હોવાનો હર્ષ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીએ ગાંધીનગર આસપાસના ગુડા વિસ્તારોની માળખાકીય સુવિધાના વિકાસ માટે રૂ. ૩૧ કરોડના ખાસ વિકાસ અનુદાનની જાહેરાત કરી હતી. લોકાર્પણ સમારોહમાં જિલ્લા પ્રભારી મંત્રી જયસિંહ ચૌહાણ, ઔડાના ચેરમેન ધર્મેન્દ્ર શાહ, ગુડાના અધ્યક્ષ અશોક ભાવસાર, ધારાસભ્ય શંભુજી ઠાકોર, શહેરી વિકાસના અગ્ર સચિવ આઈ.પી. ગૌતમ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રજાનું અપમાન છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

જે.એન.એન.યુ.આર.એમ.માં પ્રજાકીય યોજનામાં આ નાણાં વાપરવાને બદલે જુદા જુદા તાયફામાં વાપરીને મોટા પાયે ભ્રષ્ટાચાર કરી રહ્યા છે. ખરેખર તો શહેરી વિકાસમંત્રીમાં હિંમત હોય તો ગુજરાતના શહેરી વિકાસ માટે કેન્દ્ર સરકારે કેટલા નાણાં આપ્યા અને તેનો જે તે યોજના માટે કેટલો સદઉપયોગ થયો તેનો જાહેર સમારંભમાં હિસાબ આપે.

શ્રી વ્યાસે જણાવ્યુ છે કે ગાંધીનગર કોર્પોરેશન માટે જમીન નહિ ફાળવી રાજ્ય સરકારે ગાંધીનગરની પ્રજાનું અપમાન કર્યુંછે. આ જમીનની માંગ વહીવટદાર દ્વારા કરવામાં આવી હતી અને તે અપમાનનો બદલો પ્રજાએ ચૂંટણીમાં કોંગ્રેસને વિજયી બનાવી લીધો છે. તેમણે જણાવ્યુંછે કે હજુ આવનારા દિવસોમાં પણ પ્રજા પોતાનો હિસાબ બરાબર કરીને જ રહેશે એટલે સત્તા સરકતી જોઈ વાણીવિલાસ કરવાનું બંધ કરો તેવી સ્પષ્ટ માંગ તેમણે કરી છે. તેમણે જણાવ્યુંછે કે કોર્પોરેશનમાં બંધારણે આપેલી જગ્યાઓ પણ નહિ ભરનારી સરકારે તેની માનસિકતા ગુમાવી છે તે જાહેર સમારંભના ઉચ્ચારણોથી સ્પષ્ટ થાય છે.

## ગુન્હાઓનો ભેદ ઉકેલ્યો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અઠવાડીયા અગાઉ કલોલના રકનપુર ગામમાં મોબાઈલની દુકાનમાંથી ચોરી કર્યું હોવાનું આરોપીઓએ કબુલ્યું હતું. આરોપીઓની વધુ પોલીસ પૂછતાછના અંતે નરોડા,સરદારનગર ઉપરાંત કલોલ વિસ્તારમાંથી કરેલી નાની-મોટી ચોરીના અન્ય સાત ગુન્હાઓ પણ કબૂલ્યા હતા. જેમાં દસ-બાર દિવસ પૂર્વે સરદારનગરમાં બંધ મકાનનું તાળુ તોડી મોબાઈલ, ચાંદીના સિક્કાની ચોરી ઉપરાંત સરદારનગર પાર્કીંગમાંથી બાઈકની ઉઠાંતરી, વાયરોના ભંગાર, મોબાઈલ તેમજ અન્ય નાની-મોટી ચીજવસ્તુઓની ચોરી કરી હોવાનું કબુલ્યુંહતું. આરોપીઓએ દુકાનમાં પણ હાથફેરો કરી પરચુરણ ચોરી કર્યું હોવાની પોલીસ સમક્ષ કબુલાત કરી છે. રકનપુરની મોબાઈલ દુકાનમાં આ ત્રણ આરોપીઓ ઉપરાંત અન્ય આશિષ ઉર્ફે ભુરીયો મારવાડી સહિત અન્ય એક આરોપી પણ સામેલ હોવાની કબૂલાત કરી છે. પૂર્વ ગુનાહિત ઈતિહાસ ધરાવતા આરોપીઓની પૂછતાછ દરમિયાન વધુ ગુના ઉકેલાય તેવી સંભાવના પોલીસે વ્યક્ત કરી છે.

## પ્રશ્નો પર ચિંતન કરાશે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉત્તર ગુજરાતના ખેડૂતોનો એક ત્રિદિવસીય શિબિર બનાસકાંઠા જિલ્લાના દિયોદર ખાતે યોજાવાનો છે. જેમાં રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી ખાસ હાજરી આપી ખેડૂતો સાથે સીધો સંવાદ કરનાર છે. દાંતીવાડા કૃષિ યુનિ.ના નેતૃત્વમાં યોજાનાર આ ત્રિદિવસીય ખેડૂત કાર્ય શિબિર દરમિયાન એક વિશિષ્ટ પ્રદર્શન પણ યોજવામાં આવનાર છે. આ પ્રદર્શનમાં કૃષિ અને પશુપાલનને લગતા વિષયોને આવરી લેવામાં આવનાર છે. બીજી તરફ ગાંધીનગર જિલ્લામાં કૃષિ સાથે વિકસી રહેલ પશુપાલન વ્યવસાયને લઈ પણ તંત્રને પ્રશ્નો મળ્યા છે અને તે વિશે આ મહોત્સવમાં પશુપાલકો સાથે પણ ચર્ચાઓ કરવામાં આવનાર છે. જિલ્લામાં સિંચાઈની સુવિધા, નીલગાયના ત્રાસ, વીજળી જેવા પ્રશ્નો અંગે પણ ખેડૂતોએ તંત્રને રજુઆત કરી હોવાનું જાણવા મળેલ છે પણ આ પ્રશ્નો ચર્ચામાં ન આવતાં તે સંલગ્ન વિભાગોને અલગથી મોકલવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

## ધગશને કોઇ આડશ નડતી નથી

(પાના નં. ૪ નું ચાલુ)

માલાવી દેશને ગામડે રોકાતો જાય. મજૂરી કરીને રોટલો રળતો જાય. કોક દિવળી કોઈ ઉદાર માણસ મળી જાય તો એને જમાડે.

એમ કરતો કારિયા ઝાંબિયા, ટાંઝાનિયા, યુગાન્ડા અને સુદાન દેશો પસાર કરતો સુદાનના પાટનગર ખાર્ટુમ સુધી પહોંચી ગયો.

આટલું ચાલતાં એણે લગભગ ૪૦૦૦ કિલોમીટર પગપાળા જ કાપી નાખ્યા હતા. ખાર્ટુમમાં એને એક અમેકિન મળ્યો. એ કારિયાની વાતથી એટલો પ્રભાવિત થઈ ગયો કે તરત જ એણે કારિયાને આગગાડી મારફતે કેરો પહોંચવા માટે પૈસા આપ્યા. એટલું જ નહી, કેરોથી અમેરિકા પહોંચવાની સગવડ પણ કરી આપી. ત્યાંની એક યુનિવર્સિટીના પ્રોફેસર પર ભલામણની ચિઠ્ઠી પણ લખી આપી.

પછી તો કારિયાની ધીરજ અને એનો ખંત બરાબર કામ કરી ગયાં. અમેરિકામાં ભણીને પછી એ બ્રિટનની જગવિખ્યાત કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં ભણ્યો. આજે માલાવી દેશનો સૌથી વધુ ભણેલો માણસ કારિયા છે.

એણે પોતાનાં સાહસ વર્ણવતી ચોપડી પણ લખી છે. એની ૧૦૦૦૦ નકલો ચપોચપ ઊપડી ગઈ. ભણવાનો કેવો અદમ્ય ઉત્સાહ! એની ભણવાની ધગશ હતી તો હજારો અવરોધોને એ પાર કરી ગયો.

જીવનના ઘણા આયામો છે. અનેક કામો કરવાનાં છે - સહેલાં અને અઘરાં. રસ્તો કાપવાનો છે - સીધો અને દુર્ગમ પણ. અનેક ચઢાણ ચડવાનાં છે. સિધ્ધિઓ મેળવવી સહેલી નથી. એ તો દૂર દૂર બેઠેલી છે. ત્યાં સુધી પહોંચવા માટે ધગશ જ માણસનું પાથેય બની શકે. નક્કી કરેલું કામ કરવું જ છે, નક્કી કરેલા માર્ગ ચાલવું જ છે. નાની નાની બાબતો અટકાવી નહીં શકે. આવો દૃઢ સંકલ્પિત માનવી વિઘ્નોનું વન ઓળંગી જાય છે. આવો જ કોઈ જિદ્દી કવિ માનવીને કહે છે -

''જા ભલે અંધારઘેર્યા આભમાં, તેજ કે જયોતિ વિના આવીશ ના
ડૂબવું જો હોય દિલમાં ડૂબજે, પણ પછી મોતી વિના આવીશ ના.''

## ખજાનો

(પાના નં. ૪ નું ચાલુ)

### પૂછું એક સવાલ...?

(૧) તન્મય એસ. પટેલ : સે-૨૩થી
પ્રશ્ન - મેન્ડેરીન ભષા સૌથી વધુ કયાં દેશમાં બોલાય છે?
જવાબ - ચીનમાં

(૨) શૈલી એચ. પટેલ : સે-૭થી
પ્રશ્ન - હિસ્ટ્રોલોજી એટલે શું?
જવાબ - જીવંત એકમના અભ્યાસનું શાસ્ત્ર

(૩) લમ્હા આર. જાદવ : સે-૩૦થી
પ્રશ્ન - શોર્ટહેન્ડ લીપીના શોધક કોણ હતા?
જવાબ - આઇઝેક પીટમેન ૧૮૩૭ (ઇંગ્લેન્ડ)

(૪) શાહ રૂત્વા બી. : સે-૪થી
પ્રશ્ન - કયું પક્ષી સૌથી વધુ રંગીન હોય છે?
જવાબ - પીઠા

(૫) પંચાલ. વિનિત. એલ : સે-૨૦થી
પ્રશ્ન - આરોગ્ય અને સ્વચ્છતાના વિજ્ઞાનને શું કહે છે?
જવાબ - હાઇજીન

### આ સપ્તાહનો સવાલ...?

**ભારતીય જનતા પાર્ટીના કયા ભૂતપૂર્વ અધ્યક્ષ લાંચ લેતા પકડાયા હતા?**

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર

### સાચા જવાબો :-

S (hb) Ⴙɛ (ɹb) ʞ (Ɛb) ʞ (ɔb) Ⴙɛ (bb) ʞ (0b) ɹɒ (ɾ)
ɹɒ (ʖ) ɹɒ (6) S (ɜ) ɹɒ (h) ʞ (ɹ) ɹɒ (Ɛ) ʞ (ɔ) Ⴙɛ (b)